# લોકપાલ બિલ સંસદમાં પસાર થશે

## અણણા હજારેને સરકારી લોકપાલ બીલ મંજુર છે



રાલેગણ સિદ્ધિ ખાતે લોકપાલ બીલ સંસદમાં પસાર કરાવવાની માંગ સાથે અણણા હજારેના આજે પાંચમાં દિવસના ઉપવાસ સંપન્ન થયા છે. સંસદમાં રજૂ થયેલ લોકપાલ બીલ અંગે સંતોષ વ્યક્ત કરતા ગાંધીવાદી અણણાએ બીલની જોગવાઈઓ પરત્વે સંતોષ વ્યક્ત કર્યો હતો. કેટલીક જોગવાઈઓ કાલાંતરે સુધારી શકાય કે બદલી શકાય એમ છે પરંતુ અત્યારે જોગવાઈઓ પુરતી છે.

બેંગલોર,તા.૧૪

કેન્દ્રીય ગૃહપ્રધાન સુશીલકુમાર શિંદેએ આજે વિશ્વાસ વ્યક્ત કરતા કહ્યું હતું કે, લોકપાલ બિલ સંસદમાં પસાર થઈ જશે. સુશીલકુમાર શિંદેની પ્રતિક્રિયાને ખૂબ જ મહત્વપૂર્ણ ગણવામાં આવે છે. પત્રકારો સાથે વાતચીત કરતા શિંદેએ કહ્યું હતું કે, લોકપાલ બિલ રાજ્યસભામાં પેન્ડીંગ છે. હાલમાં જ વિચારણા હેઠળ છે. આને પસાર કરી દેવામાં આવશે. તેમણે ઉમેર્યું હતું કે, લોકસભામાં લોકપાલ બિલ પસાર કરી દેવામાં આવ્યું છે. ત્યારબાદ આ બિલ રાજ્યસભામાં પહોંચ્યુ હતું જ્યાંથી આ બિલ પસંદગી સમિતીમાં મોકલી દેવામાં આવ્યું છે. પસંદગી સમિતીએ કેટલાક સુધારાઓ સુચવ્યા હતા. અમે આ સુધારાઓ સ્વીકારી ચુક્યા છે. પ્રધાને એમ પણ કહ્યું હતું કે, આ બિલને પ્રાથમિક્તા આપવામાં આવી રહી છે. સરકારે સામાજિક કાર્યકર અન્ના હજારેને આ સંબંધમાં ખાતરી આપી છે. સરકારે ગઈકાલે જ સુધારાના સ્વરૂપમાં રાજ્યસભામાં લોકપાલ બિલ રજુ કર્યું હતું. પરંતુ સમાજવાદી પાર્ટી દ્વારા હોબાળો મચાવવામાં આવતા ચર્ચા થઈ શકી નહતી. અગાઉ શિંદેએ બેંગલોરમાં સેકેન્ડરી ઓફિસ ડિઝાસ્ટર રિકવરી સેન્ટર એન્ડ નેશનલ ઈન્ટેલીજન્સ ગ્રીડ માટે આધારશીલા મુકી હતી. આ ૧૦૦ કરોડનો પ્રોજેક્ટ છે. સરકાર ઈન્ટેલીજન્ટ સંસ્થાઓ અને અન્ય સંસ્થાઓ વચ્ચેના ડેટાબેઈઝને જાળવી રાખશે.

ભારતની આતંકવાદ વિરોધી ક્ષમતાને વધારવાનો આની પાછળ હેતુ રહેલો છે. લોકપાલ બિલ મુદ્દે છેલ્લા ઘણા સમયથી ભારે હોબાળો મચી ચુક્યો છે.


આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર


'નિરાંત' બજારમાં વેચાતી નથી મળતી, એ 'ચિંતન' થકી મળે છે
- ધર્મસૂત્ર


Gandhinagar વર્ષ : (૨૮) અંક નં. ૨૭૪ | ૧૫ ડિસેમ્બર, ૨૦૧૩, રવિવાર; માગશર સુદ - ૧૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


# ગાંધીનગર ઠંડુગાર : પારો ૯.૫ ડીગ્રી

## શીતલહેરના સુસવાટા સાથે શહેર ઠંડુગાર : આક્રમક ઠંડીથી જનજીવન પ્રભાવિત : સાંજ ઢળતા શહેરના માર્ગો પર સન્નાટો





(તસવીર : દિપક જાની, કશ્યપ નિમાવત)

**સતત બીજા દિવસે ગાંધીનગર રાજ્યમાં સૌથી ઠંડુ શહેર**

| શહેર | ડીગ્રી |
|---|---|
| ગાંધીનગર | ૯.૫ |
| વલસાડ | ૧૦.૧ |
| અમરેલી | ૧૦.૨ |
| મહુવા | ૧૦.૯ |
| નલિયા | ૧૧.૦ |
| અમદાવાદ | ૧૧.૨ |
| ડીસા | ૧૧.૦ |

ગાંધીનગર, તા. ૧૪

શહેરમાં શીતલહેરના સૂસવાટા સાથે શરદીની ઋતુ નિખરી છે. છેલ્લા ત્રણ-ચાર દિવસથી બદલાતા મોસમના મિજાજ સાથે ઠંડીનો પારો નીચે ઉતરતા સાંજ ઢળતા જ નગર ઠંડુગાર બની જાય છે. ગઈકાલે પણ લઘુત્તમ તાપમાન ૧૦.૨ ડીગ્રી નોંધાયું હતું. જ્યારે આજે ઠંડીનો પારો ૯.૫ ડીગ્રીએ પહોંચી જતા સીઝનની મહત્તમ ઠંડી નોંધાઈ હતી. ઠંડીના આક્રમક તેવરથી શહેરી જનજીવન પણ પ્રભાવિત થયું છે. ઠંડા-ઠંડા કુલ-કુલ મોસમની અસરથી સાંજ ઢળતાં જ શહેરમાં સન્નાટો છવાઈ જાય છે. માર્ગ પર જતા રાહદારીઓ પણ ગરમ કપડામાં લપેટાયેલા જોવા મળે છે. શિક્ષિત સોસાયટીઓમાં કેમ્પ ફાયર તો શ્રમિકો ઠંડીથી રક્ષણ મેળવવા તાપણું કરતા નજરે પડે છે.

ગત મહિનાના અંતમાં ગુલાબી ધીમે ધીમે અસહ્ય બનતી ઠંડીએ નગરજનોને કાતિલ શિયાળાનો પરચો આપી દીધો છે. મોસમનો અહેસાસ કરાવી ઠંડી જાણે અદૃશ્ય થઈ ગઈ હતી. ડિસેમ્બર મહિનાના પ્રારંભ બાદ પણ ઠંડીની ગેરહાજરી વચ્ચે દિવસનો તાપ અસહ્ય લાગતો હતો. પરંતુ છેલ્લા ચાર દિવસથી મોસમનો મિજાજ બદલાતા નગરજનો સૂસવાટા મારતા શિયાળાનો અનુભવ કરી રહ્યા છે. ગત સપ્તાહ દરમિયાન ઠંડીના પારાની વધઘટના


● અનુસંધાન પાન-૭ પર


# દોડશે ગાંધીનગર-રચાશે એક વિશ્વ વિક્રમ

### ગાંધીનગર શહેરમાં પહેલીવાર એક સાથે ૨૦ હજારથી વધુ દોડવીરો રન ફોર યુનિટીમાં ભાગ લેશે : દર બસ્સો મીટરે ખાસ સ્ટુઅર્ડ ઉભા રહી દોડનું પરીક્ષણ કરશે : હજાર દોડવીરોનું એક ગૃપ બનશે : શહેરમાં પ્રવર્તતો ભારે ઉત્સાહ

ગાંધીનગર, તા. ૧૪

ભારતના બિસ્માર્ક ગણાતા ગુજરાતના સપૂત સરદાર વલ્લભભાઈ પટેલના નિર્વાણ દિન નિમિત્તે યોજાયેલ રન ફોર યુનિટીમાં આજે ૨૦ હજારથી વધુ ગાંધીનગરાઓ સચિવાલય સામેથી દોડનો આરંભ કરી કલ્ચરલ ફોરમના ગ્રાઉન્ડ ખાતે તે સંપન્ન કરશે. આ સાથે જ એક વિશ્વ વિક્રમ બનશે.

ગાંધીનગરાઓમાં આ કાર્યક્રમને લઈ ભારે ઉત્સાહ પ્રવર્તતો જોવા મળી રહ્યો છે. આ રન ફોર યુનિટીના કાર્યક્રમને મળી રહેલા સારા પ્રતિસાદને પગલે તંત્રએ સ્પોટ રજીસ્ટ્રેશન માટે પણ ખાસ વ્યવસ્થા કરી છે.



આ દોડમાં ૨૨ હજાર કરતાં વધુ દોડવીરો ભાગ લેશે તેવો વિશ્વાસ તંત્રના અધિકારીઓ વ્યક્ત કરી રહ્યા છે.

દોડનો આરંભ વિધાનસભા સામેના મેદાન પરથી થશે. આ દોડને ગાંધીનગર શહેરી વિકાસ સત્તામંડળના ચેરમેન શ્રી અશોક ભાવસાર તથા ખાદી ગ્રામોદ્યોગ બોર્ડના ચેરમેન શ્રી વાડીભાઈ પટેલ ફ્લેગ ઓફ કરાવશે.

આ દોડના પ્રારંભે જિલ્લાના પ્રભારી સચિવ શ્રી સંજય પ્રસાદ સહિત ઉચ્ચ અધિકારીઓ પણ ખાસ ઉપસ્થિત રહેનાર છે. આ માટેની લગભગ તૈયારીઓ પૂર્ણ થઈ ચુકી છે.

દોડના આરંભ પૂર્વે સ્ટેજની બાજુમાં મુકાયેલ એક બીગ સ્ક્રીન પર સ્ટેચ્યુ ઓફ યુનિટીના નિર્માણને લઈ


● અનુસંધાન પાન-૭ પર







## આજે અમદાવાદમાં ધર્મરક્ષા સંમેલન

અમદાવાદ,તા.૧૪

ગુજરાત એજ્યુકેશન સોસાયટી ગ્રાઉન્ડ ઉપર ધર્મરક્ષા મંચ દ્વારા આવતીકાલે ધર્મરક્ષા સંત સંમેલનનું આયોજન કરવામાં આવી રહ્યું છે. આ સંમેલનમાં ભારતભરના ૭૦થી વધુ સાધુ સંતો પધારશે અને સભાને સંબોધન કરશે. ધર્મરક્ષા મંચ દ્વારા બપોરે ૨ થી સાંજે ૬ વાગ્યા સુધી આ સંમ્મેલનનું આયોજન કરવામાં આવ્યું છે. કાંચીના શંકરાચાર્ય જયેન્દ્ર સરસ્વતીના કાનુની જીત નિમીત્તે આ સત્કાર સમારંભનું આયોજન કરવામાં આવ્યું છે. રાજકિય ષડયંત્રો પ્રેરિત આરોપોને કારણે ૯ વર્ષની લાંબી કાનૂની લડત આપી ન્યાયાલય દ્વારા નિર્દોષ સાબીત થયેલ, જગત ગુરુ શંકરાચાર્ય જયેન્દ્ર સરસ્વતીના આ કાનૂની વિજયના ઉપલક્ષ્યમા ધર્મરક્ષા મંચ દ્વારા શંકરાચાર્યનો સત્કાર સમારભં અને તે નિમિત્તે વિરાટ સંત સમ્મેલનનું આયોજન કરવામાં આવ્યું છે. આ સંત સંમ્મેલનમાં પતંજલી યોગપીઠ હરિદ્વારથી આચાર્ય બાલકૃષ્ણ, ભારત માતા મંદિરના કિશોર વ્યાસ, રામકથા વાચક પ્રેમભૂષણ, રામવિલાસ વેદાંતી (રામજન્મભૂમિ અયોધ્યા), હિન્દૂ મહાસભાના પ્રમુખ ચક્રપાણી મહારાજ, મહામંડલેશ્વર રામસ્વરૂપ બ્રહ્મચારી (ઋષિકેશ), ઉપરાંત ૭૦થી વધુ સાધુ સંતો ભારતભરના ખુણે-ખુણેથી પધારશે.





